# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૯/૦૩/૨૦૨૬ ગુરૂવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૩૯૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી, ૧૩ લીટર દેશી દારૂ, ૦૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૬૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૭૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ–** **સમાચાર યાદી નં.૩૯૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૨૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૩૯૪/૨૦૨૬**

**ક્રાઈમ બ્રાન્ચઃ** (૧) અરુણકુમાર જ્વાલાપ્રસાદ તુલશ્યાન (ઉ.વ.૬૬) (રહે. લેન નંબર–૧૯ સત્યાગ્રહ છાવણી ભાવનિર્ઝર સેટેલાઈટ) એ તા.૧૮/૦૩/૨૦૨૬ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૫/૨૦૨૩ થી તા.૨૫/૦૭/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન રાયપુર ન્યુ ક્લોથ માર્કેટ માળીયુ દુકાન નં.૨૫૫ ખાતેથી આરોપી (૧) દક્ષેશ જીતેન્દ્રકુમાર ગોહિલ (૨) ઘવલભાઈ જીતેન્દ્રકુમાર ગોહિલ (૩) મંજુલાબેન દક્ષેશભાઈ ગોહેલ (૪) કિંજલ ઘવલભાઈ ગોહેલ (તમામ રહે. શિવ દર્શન સોસાયટી સીટીએમ ચાર રસ્તા, એક્ષપ્રેસ હાઈ–વે સામે ખોખરા તથા (૫) યામીકાબહેન જયસુખલાલ (૬) જયદિપ મહેશભાઈ ખત્રી (રહે. પવિત્રકુંજ સોસાયટી સી.ટી.એમ.ચાર રસ્તા) એ ભેગા મળી ડેનીમ જીન્સના કાપડની ખરીદી કરી બાકી નિકળતા રૂપિયા ૨,૪૮,૧૨,૪૧૩/– નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ ક્રાઈમ બ્રાન્ચ આર્થિક ગુના નિવારણ શાખા ન્યુ ક્લોથ માર્કેટ વિંગ પો.ઈ.શ્રી વી.એમ.સાટીયા ચલાવે છે.

**ક્રાઈમ બ્રાન્ચઃ** (૨) હર્ષદભાઈ શિવાભાઈ પરમાર (ઉ.વ.૪૨) (રહે. માયા રોહીદાસ સોસાયટી કાશીરામ ફેકટરીની બાજુમાં ઈસનપુર ) એ તા.૧૮/૦૩/૨૦૨૬ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે હર્ષદભાઈ શિવાભાઈ પરમાર નારોલ આર.વી.ડેનીમની સામે શાહવાડી ખાતે યુનાઈટેડ પોલીફેબ પ્રા.લી.ની ઓફીસ ઘરાવી વેપાર ધંધો કરતા હોય “શીવશક્તિ એન્ટરપ્રાઈઝ” ના માલીક રાજેન્દ્રકુમાર હિમ્મતમલજી ચોરડીયા (રહે. માધવવાડી કૈલાસ લસ્સી પાસે દાદર ઈસ્ટ મુંબઈ મહારાષ્ટ્ર) નાઓ “યુનાઈટેડ પોલીફેબ પ્રા.લી” નામની ફર્મમાંથી તા.૨૮/૦૮/૨૦૨૪ થી તા.૧૮/૧૦/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન ડેનીમ કાપડની ખરીદી કરી બાકી નિકળતા રૂપિયા ૪૪,૬૪,૨૦૩/– નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. તેમજ “એવેન્જર્સ ડેનિમ પ્રા.લી.” ના હર્તાકર્તા વસંતભાઈ દામજીભાઈ ભાનુશાલી (રહે. સાંઇ પ્રસાદ એપાર્ટમેન્ટ, બોનકાડે ગામ, સેક્ટર–૧૨, કોપર ખેરને નવી મુંબઈ મહારાષ્ટ્ર) તથા દિપકભાઈ નારાયનજી ભાનુશાલી (ઠે. ઓફીસ નંબર–૩,૪ ત્રીજો માળ પોવાઇ પ્લાઝા, હિરાનંદની બસ સ્ટોપ સામે પોવાઇ મુંબઇ મહારાષ્ટ્ર) નાઓએ ભેગા મળી હર્ષદભાઇ પરમારની ફર્મમાંથી તા.૧૬/૦૧/૨૦૨૫ થી તા.૧૧/૦૬/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન ડેનિમ કાપડનો માલ ખરીદ કરી બાકી નિકળતા રૂપિયા ૧,૦૮,૨૬,૦૦૦/– નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ ક્રાઈમ બ્રાન્ચ આર્થિક ગુના નિવારણ શાખા યુનિટ–૪ પો.સ.ઈ.શ્રી એમ.વી.ચાવડા ચલાવે છે.

**ચાંદખેડાઃ** શુશીલકુમાર હસમુખભાઇ સોલંકી (ઉ.વ.૩૬) (રહે. રામેશ્વર એપાર્ટમેન્ટ થલતેજ પાણીની ટાંકી સામે થલતેજ) એ તા.૧૮/૦૩/૨૦૨૬ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૭/૨૦૨૫ ના રોજ શુશીલકુમાર સોલંકી નાઓને ઓસ્ટ્રેલીયા ખાતે જવા સારૂ વર્ક વિઝા પરમીટ માટે આરોપી મહેન્દ્રકુમાર ઇશ્વરભાઇ કોરી (રહે. સિધ્ધીબિનાયક બેલા કાસા એલાઇટ ડી.વી.પી.એજ્યુકેશન પાસે કાસીન્દ્રા) એ ઓફીસ નં. ૭૦૬, સાતમો માળ ગણેશ ગ્લોરી જગતપુર ગોતા ખાતે આવેલ સર્ચ ઓવરસીસ નામની વીઝાની ઓફીસમાં મુલાકાત કરી ઓસ્ટ્રેલીયાના વર્ક વીઝા કઢાવી આપવાનો વિશ્વાસ આપી વિઝા ફાઇલના રૂપિયા ૨૫,૦૦,૦૦૦/– ખર્ચ થશે તેમ જણાવી શુશીલકુમાર સોલંકી પાસે વિઝા ફાઇલના એડવાન્સ પેટે તા.૩૦/૦૭/૨૦૨૫ થી તા.૧૪/૦૮/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન રૂપિયા ૫,૦૦,૦૦૦/– ઓનલાઇન માધ્યમથી મેળવી લીધા હતા. ત્યારબાદ વિઝા ફાઇલ બાબતે પુછતા સંતોષકારક જવાબ નહી મળતા વિઝા ફાઇલના પૈસા પરત માંગતા રૂપિયા ૫૦,૦૦૦/– પરત આપી બાકી નિકળતા રૂપિયા ૪,૫૦,૦૦૦/– પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.એન.ગઢવી ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ–** **સમાચાર ચાદી નં.૩૯૫/૨૦૨૬**

**"એન" ડિવીજન ટ્રાફિક પોલીસ સ્ટેશનઃ** પુનમચંદ દેવજીભાઈ કલાલ (ઉ.વ.૫૩) (રહે. ઉમાસુત ફ્લેટ વસ્ત્રાપુર રેલવે સ્ટેશન પાસે વેજલપુર) તા.૧૮/૦૩/૨૦૨૬ સવારના ૦૬/૦૦ વાગ્યાના સુમારે છાપા નાખવા માટે એક્ટીવા ચલાવી સુવિધા ચાર રસ્તા પાસે માંગલ્ય એલીગંજ ફલેટ વાળા ચાર રસ્તા ખાતેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ નંબર જીજે ૦૧ વાયડી ૭૪૪૭ ના ચાલક માનવ મહેન્દ્રભાઈ ખુવડ (રહે. મીલાપ એપાર્ટમેન્ટ હાથી સર્કલ પાસે શાહીબાગ) એ પોતાનું મોટર સાયકલ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી પુનમચંદ કલાલના એક્ટીવાને ટક્કર મારતા પુનમચંદ કલાલ એક્ટીવા ઉપરથી પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એસ.વી.પી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગેની ફરીયાદ મૃત્યું પામનાર પુનમચંદ કલાલના પુત્ર પાર્થ પુનમચંદ કલાલ એ "એન" ડિવીજન ટ્રાફિક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.એ.મારવાડા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી